હરિ નજર - ખરી નજર

મારે ફાટેલી નોટ નથી બદલાવવી, હું તો આ નકલી નોટ બદલાવવા આવ્યો છું !

અમરેલી જિલ્લા સાહિત્ય સભાની બેઠકમાં કનુભાઈ દવેનો હિરક મહોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૩

અમરેલી જિલ્લા ગદ્ય-પદ્ય સાહિત્ય સભાની બેઠક તાજેતરમાં મળી હતી જેમાં લેખક-કવિ કનુભાઈ મુરલીધર દવેનો હિરક મહોત્સવ ઉજવાયો હતો.

કનુભાઈએ ૧૯૫૪માં વિનોબા ભાવેના કાય રચનાભથી કૃતિઓનો પ્રારંભ કર્યો હતો. બે પુત્રીઓનાં નામ પરથી ૨૦૦૮માં સોનલ અને ૨૦૧૦માં પ્રતિક્ષા નામે વાર્તા સંગ્રહો પ્રગટ કર્યા. છેલ્લાં ૫૮ વર્ષથી સાહિત્યક્ષેત્રે ખેડાણ કરનારા શ્રી કનુભાઈની આકાશવાણી પરથી ૬, ફૂલછાબમાં ૩, દિવ્યપ્રકાશ દૈનિકમાં ૨૩૩ અને ગાંધીનગર સમાચારમાં ૫૭ વાર્તાઓ પ્રગટ થઈ ચૂકી છે.

આજે જૈફ વયે પણ સાહિત્ય સર્જન કરતા કનુભાઈને અમરેલી જિલ્લા ગદ્ય-પદ્ય સાહિત્ય સભાના મોવડી ગણપતભાઈ ઉપાધ્યાય તથા કવિ હર્ષદ ચંદારાણાના હસ્તે સ્મૃતિ ચિન્હ અર્પણ કરવામાં આવ્યું હતું. અન્ય સાહિત્યકારોએ પણ કનુભાઈને પુષ્પગુચ્છ અર્પણ કરી તેમને જન્મદિનની શુભેચ્છાઓ પાઠવી તેમના દીર્ઘાયુ માટે પ્રાર્થના કરી હતી.

સી.એમ. હાઈસ્કૂલ ખાતે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી

૮૬ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરના સેક્ટર-૨ ૩માં આવેલી સી.એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલમાં સ્વયમ્ શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના ૮૬ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ડૉ. રાધાકૃષ્ણનના જીવન કવન વિશે આચાર્યએ બાળકોને માહિતગાર કર્યા હતા. શ્રેષ્ઠ કામગીરી કરનાર શાળાના વિદ્યાર્થીઓમાં ધોરણ-૯માં દીપ બારોટ પ્રથમ, રજનીશ જાની અને ઋત્વિક પટેલ દ્વિતીય, પ્રકાશ પંચાલ અને જય પટેલ તૃતીય સ્થાને આવ્યા હતા. ધોરણ-૧૦માં નિલય દવે પ્રથમ, હિતાર્થ અને કૃણાલ દ્વિતીય ક્રમે તથા રજત પટેલ અને વસી દેસાઈ તૃતીય ક્રમે આવ્યા હતા. ધોરણ-૧૦માં પાર્થ પટેલ પ્રથમ, નિધિ ત્રિવેદી દ્વિતીય અને મૌલિક મહેતા તૃતીય તથા ધોરણ-૧૨માં શ્રદ્ધા પટેલ પ્રથમ, દિગીશા બથવાર દ્વિતીય અને અંજલિ પરમાર તૃતીય ક્રમે આવી હતી.

ભાવનગરમાં શિશુવિહાર દ્વારા બાળકો તથા માતાઓને રોજગારી આરોગ્યલક્ષી સહાય

ગરીબ બાળકોને બળવત્તર બનાવવા ₹ ૫૦૦ની મર્યાદામાં અનાજ સહાય આપવામાં આવશે

ભાવનગર, તા. ૧૩

ભાવનગર નગરપાલિકાના શિક્ષકોના સામાજિક ઉત્તર દાયિત્વ અંતર્ગત ચોથા તબક્કામાં શાળાના શિક્ષકોએ પસંદ કરેલ જરૂરીયાત મંદ ૧૬૯૬ બાળકોને અનાજ સહાય પૂરી પાડવામાં આવશે.

શાહબુદ્દિનભાઈની ઉપસ્થિતિમાં ભાવનગરની સામાજિક સંસ્થા શિશુવિહારના ઉપક્રમે ૬૪ શાળાઓના ૮૪૮ શિક્ષકો દ્વારા પસંદ કરેલ બાળકોને સ્કુલ કીટનું વિતરણ કરવામાં આવેલ હતું. ગુણવંતભાઈ શાહની ઉપસ્થિતિમાં ૨૭ માતાઓને રોજગારલક્ષી સહાય, ગંભીર રોગવાળા ૬૨ બાળકોને જરૂરી પોષાક -દવા વિતરણ કર્યું હતું.

ગરીબ બાળકોને વધુ બળવત્તર બનાવવા રૂા. ૫૦૦ની મર્યાદામાં અનાજ સહાય આપવામાં આવશે.

સર્વ વિદ્યાલય કડી કેમ્પસમાં રાષ્ટ્રીય ગૌરવ દિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૩

૧૧મી સપ્ટેમ્બર ૧૮૯૩ના દિવસે સ્વામી વિવેકાનંદના ઐતિહાસિક પ્રવચન દ્વારા ભારતીય સંસ્કૃતિની અસ્મિતાને વિશ્વમાં ઉજાગર કરી હતી. દર વર્ષે આ દિવસે 'દિગ્વિજય દિન' અથવા રાષ્ટ્રીય ગૌરવદિન મનાવવામાં આવે છે.

રાષ્ટ્રીય ગૌરવ દિનની ઉજવણી ગાંધીનગર ખાતે બી.પી. પટેલ કોલેજ ઓફ બિઝનેશ એડમીનીસ્ટ્રેશન અને એસ.કે. પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ અને કમ્પ્યુટર સ્ટડીઝ ખાતે ઉમંગભેર કરવામાં આવી હતી. કેન્દ્રના અધ્યક્ષ રજનીકાંત ભટ્ટે યુવાનોને વિવેકાનંદનો સંદેશ પર વ્યાખ્યાન આપ્યું હતું. વિદ્યાર્થીઓ પ્રશ્નોતરી કરેલ હતી. કેન્દ્રના સચિવ વિવેક કાપડીયાએ જણાવ્યું હતું.

કડી પી.ટી.સી. કોલજનું ગૌરવ

ગાંધીનગર, તા. ૧૩

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન મહેસાણા નિબંધ અને વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. જિલ્લાની દરેક પી.ટી.સી. કોલેજના વિદ્યાર્થીઓ શિક્ષકદિન નિમિતે ભાગ લીધો હતો. આજનો આધુનિક શિક્ષક વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં એ સ.વિ. પી.ટી.સી. કોલેજ કડીના તાલીમાર્થી ભરતભાઈ રાવળ પ્રથમ નંબર મેળવેલ હતો. કોલેજ તથા સંસ્થાનું ગૌરવ વધારેલ છે. સંસ્થા પરિવારે અભિનંદન પાઠવેલ હતા.

માઉન્ટ કર્મેલના સ્થાપક મધર વેરોનિકાનો સ્મૃતિ સમારંભ ૩૦ સપ્ટેમ્બરે

ગાંધીનગર, તા. ૧૩

ઈ.સ. ૧૮૬૮માં મધર વેરાનિકો દ્વારા સ્થપાયેલા વિશ્વ સ્તરે વિસ્તરેલા એપોસ્ટોલિક કાર્મેલના એક ભાગ એવી માઉન્ટ કાર્મેલ શાળા મધર વેરોનિકાની સ્મૃતિમાં ઑક્ટોબર ૧૧થી ૧૨ સપ્ટેમ્બરને મધર વેરોનિકા, વર્ષ તરીકે ઉજવવામાં આવેલ છે. ઉજવણીના સમાપન પ્રસંગે માઉન્ટ કાર્મેલ શાળામાં ૩૦ સપ્ટેમ્બરે સમારંભનું આયોજન કરેલ છે. જેમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને આમંત્રણ આપવામાં આવેલ છે. નાટ્ય પ્રયોગ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજેલ છે. સમારંભમાં ભાગ લેવા રજીસ્ટ્રેશન ફોર્મ ભરવા જણાવેલ છે.

સીધી ભરતીથી મુખ્ય શિક્ષક તરીકે નિમણૂંક પામનારા શિક્ષકોને મળતા લાભ

ગાંધીનગર, તા. ૧૩

જિલ્લા શિક્ષણ સમિતિ, નગર શિક્ષણ સમિતિ અને સરકારી સેવાઓમાં ફરજ બજાવતા અને સીધી ભરતીથી મુખ્ય શિક્ષક તરીકે નિમણૂંક પામનારા શિક્ષકોને પગાર, નોકરીના લાભો આપવા શિક્ષણ વિભાગ દ્વારા માર્ગદર્શક ઠરાવો પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે.

ગાંધીનગરમાં ગુજરાત યુનિ ફૂટબોલ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૩

સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સેકટર-૮ ગાંધીનગરનાં યજમાન પદે ગુજરાત યુનિવર્સિટી દક્ષિણ વિભાગ ફૂટબોલ સ્પર્ધાનું આયોજન સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા (સાંઈ)ના ફુટબોલ મેદાન ઉપર કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત યુનિ.ની કોલેજોના ખેલાડીઓએ ખૂબ જ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

ફુટબોલ સ્પર્ધાના સમારંભના પ્રમુખપદે સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના આચાર્ય અને ગુજરાત યુનિ. અધ્યાપક મંડળના પ્રમુખ ડૉ.જે.એસ. પ્રજાપતિ હાજર રહ્યા હતા. અતિથિવિશેષ તરીકે ગુજરાત યુનિ. સ્થાનિક રમત ગમત સમિતિના સેક્રેટરી સંજય દભાડે, સરકારી કોમર્સ કોલેજના પૂર્વ પી.ટી.આઈ. મોતિસિંહ અટોદરીયા એ.જી. પટેલ, રમત ગમત માસિકના તંત્રી ભૂપેન્દ્ર શ્રોત્રિય હાજર રહી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

મુખ્ય મહેમાન ડૉ. જે.એસ. પ્રજાપતિએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, 'ખેલદિલી ફકત રમતમાં જ નહીં પણ પોતાના સામાજીક વ્યવહારુ જીવનમાં પણ રાખવી જોઈએ અને સમાજ ઉપયોગી થવું જોઈએ.' પોતાની મહેનત અને લગનથી ખેલાડી જો રમતમાં પુરતું ધ્યાન આપે તો તે ઓલમ્પિકમાં મેડલનો પણ હકદાર બને છે તેમ તેમણે જણાવ્યું હતું. સમગ્ર રમતના અંતે પ્રથમ ક્રમ ઉપર આર્ટસ-સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ છોટા ઉદેપુર બીજા ક્રમ ઉપર, આર્ટસ-કોમર્સ એન્ડ સાયન્સ કોલેજ બોરસદ રહી હતી. સમગ્ર રમત સતત ઝરમરતા વરસાદમાં યોજાઈ હતી અને સમગ્ર રમતનું આયોજન સંચાલન યજમાન કોલેજના પી.ટી.આઈ. મહેન્દ્ર મોડિયાએ કર્યું હતું અને સુરેન્દ્રસિંહે સહયોગ આપ્યો હતો.

'નિરોગી શતાયુ જીવો' આરોગ્ય ગ્રંથનું રાજ્યપાલના હસ્તે લોકાપર્ણ

સમાજમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ આવે તેવી દૃષ્ટિથી તૈયાર કરાયેલ ગ્રંથ લોકોને ઉપયોગી નિવડશે

ગાંધીનગર, તા. ૧૩

રાજયપાલ શ્રીમતી ડૉ. કમલાજી 'નિરોગી શતાયુ જીવો' આરોગ્ય ગ્રંથનું તાજેતરમાં રાજભવન ખાતે લોકાપર્ણ કર્યું હતું. સ્વાસ્થ્ય સેવા ટ્રસ્ટ, અમદાવાદ, નિર્મિત અને જાણીતા સર્જક ડૉ. વિનુભાઈ પટેલ લિખિત ગ્રંથના લોકાપર્ણ પ્રસંગે રાજયપાલશ્રીએ કહ્યું હતું કે, સમાજમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ આવે તે દૃષ્ટિથી તૈયાર કરાયેલા આ ગ્રંથ લોકોને ઉપયોગી સિદ્ધ થશે. અગાઉના સમયમાં લોકોનું જીવન સાદું અને સરળ હતું. આપણા પ્રાચીનતમ્ ચિકિત્સાશાસ્ત્રોમાં પણ જીવન જીવવાનું ઉત્તમ માર્ગદર્શન છે તેમ જણાવી રાજયપાલશ્રીએ ઉમેર્યું હતું કે, સ્વસ્થ જીવન જીવવા માટે આપણે સૌએ આયુર્વેદ શાસ્ત્રો, કુદરતી ઉપચાર પદ્ધતિ અને યોગમાં નિર્દેશેલી સરળ જીવનશૈલી અપનાવવી જોઈએ.

જાણીતા સાહિત્યકાર પદ્મશ્રી કુમાળપાળ દેસાઈએ કહ્યું હતું કે, તનાવભરી શૈલીમાં સ્વસ્થ જીવન જીવવાનું માર્ગદર્શન આ ગ્રંથમાં છે. આપણા ત્યાં સમાજસેવા ક્ષેત્રે પ્રવૃતિ કરતી સામાજિક સંસ્થાઓની સમૃદ્ધ પરંપરાઓનો ઉલ્લેખ કરી ડૉ. દેસાઈએ આરોગ્ય ક્ષેત્રે ડૉ. વિનુભાઈ પટેલે કરેલા કાર્યોને પ્રેરણાદાયક ગણાવ્યા હતા.

ડૉ. વિનુભાઈ પટેલે પુસ્તકની ભૂમિકા આપતા કહ્યું હતું કે, આ પુસ્તક લોકોને નીરોગી રહી શતાયુ જીવન જીવવાની કલાનું માર્ગદર્શન આપશે. તેમણે સ્વાસ્થ્ય સેવા ટ્રસ્ટની વિવિધ પ્રવૃત્તિઓનો વિસ્તૃત ખ્યાલ આપ્યો હતો. પુસ્તકના સંપાદક ડૉ. બેચરભાઈ પટેલે ડૉ વિનુભાઈ પટેલને સ્વસ્થ અને સુખી જીવન જીવવા માટેના ૭૨ જેટલા ઉત્તમ લેખોની આરોગ્ય ગીતા સમાન ગ્રંથ લખવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ અમૂલ્ય ગ્રંથ સદસ્યોને ભેટ આપવામાં આવ્યો હતો.

પ્રારંભમાં પ્રો. ડૉ. આરતીબેન કસ્વેકરે આવકાર પ્રવચન કર્યું હતું. જ્યારે સ્વાસ્થ્ય સેવા ટ્રસ્ટના ટ્રસ્ટી ડૉ. આનંદ પી. કસ્વેકરે આભાર દર્શન કર્યું હતું.

બિચ સ્પૉર્ટ્સ ઉપરાંત ૨૧ વિવિધ રમતો સાથે ખેલ મહાકુંભ-૧૨નું આયોજન

ગાંધીનગર, તા. ૧૩

રાજ્યમાં પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ ખેલ મહાકુંભ-૨૦૧૨નું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ૨૧ જેટલી વિવિધ રમતો સાથે ફિઝીકલી સ્પેશિયલ બાળકો માટે તથા બીચ સ્પૉર્ટ્સનું આયોજન કરવામાં આવશે તેમ સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ગુજરાત, ગાંધીનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર રાજ્યના અંતરિયાળ વિસ્તારોના ખેલમાં રસ ધરાવતા બાળકો આ ખેલ મહાકુંભમાં ભાગ લઈ શકે તે માટે તા. ૧ સપ્ટેમ્બરથી તા. ૧૫ સપ્ટેમ્બર સુધી રજિસ્ટ્રેશન ઈ-ગ્રામ સેન્ટરો દ્વારા શરૂ કરવામાં આવ્યું છે.

આ ખેલ મહાકુંભમાં વિજેતા થનારા ખેલાડીઓને પ્રતિવર્ષની જેમ રોકડ પુરસ્કાર, આકર્ષક ટ્રોફી, મેડલ્સ અને ગણવેશની સુવિધા રાજ્ય સરકાર દ્વારા પુરી પાડીને તેમને પ્રોત્સાહિત કરવામાં આવશે.

સંસ્કાર ચિંતન

- અનંતરાય ન વ્યાસ

સર્વ કર્મો જ્ઞાનમાં સમાય છે જ્ઞાન ભક્તિમાં પરિવર્તન પામે છે

અનન્યોશ્ચિન્તો માં યે જના: પર્યુયાસતે।
તોષાં નિત્યમિયુક્તાં યોગક્ષેમ વહામ્યહમ ॥

'જે ભકતજનો અનન્ય પ્રેમથી મુજ પરમેશ્વરનું નિરંતર ચિંતન કરતા નિષ્કામ ભાવે ભજે છે તે નિત્ય નિરંતર મારું ચિંતન કરતા ભકતજનોના યોગક્ષેમનું હું પોતે વહન કરું છું.'

શ્રીમદ્ ભગવદ્ ગીતાના નવમા અધ્યાયનો આ શ્લોક તેના અર્થ અને ભાવથઈ અજોડ મનાય છે. પૂ. આડવલે દાદાના મંતવ્ય પ્રમાણે આની જોડ ક્યાંય મળે તેમ નથી. જગતની સર્જનહાર મહાન શક્તિ જ આ વરદાન આપે છે. આ શ્લોકના શબ્દો પારિભાષિક અર્થ ધરાવે છે. યોગક્ષેમનો આપણો સામાન્ય અર્થ તો જીવન નિર્વિદને ચાલે તેટલો કરવામાં આવે છે. પરંતુ ગીતાજીના અર્થ પ્રમાણે યોગ એટલે અપ્રાપ્તની પ્રાપ્તિ જે આપણને અપ્રાપ્ત છે. તે પ્રાપ્ત થઈ જાય અને ક્ષેમ એટલે પ્રાપ્તનું રક્ષણ થાય. માનવ માટે અપ્રાપ્ત છે ભગવદ્ સ્વરૂપનું દર્શન તેથી યોગ એટલે ભગવદ્ સ્વરૂપ પ્રાપ્તિ અને તે સ્થિતિ પ્રાપ્ત કરવા માટેના પ્રયત્નોનું રક્ષણ આમ યોગક્ષેમ શબ્દ યુગ્મ આધ્યાત્મિક ઉચ્ચ અર્થ ધરાવે છે. આપણે તેને સ્થુલ જગતના સાંસારીક ભાવમાં નીચે ઉતાર્યા છે.

ભગવૃ- ગીતામાં ભગવાને માનવ જાતને અનેક વરદાનો આપ્યા છે. દુખોથી ઘેરાયાલા વિશ્વને આશ્વાસન મળે તે માટે હું યુગે યુગે અવતરીશ તેમ કહ્યું. કોઈ કર્મયોગી નિયત કર્મો કરતા થાકી જાય તો તેને આશ્વાસન મળે છે કે તું કર્મોમાં લાગી જા તેને આશ્વાસન મળે છે કે તું કર્મોમાં લાગી જા. તને અવશ્ય સિધ્ધિ મળશે. તેમ ભકતો માટે આ વચન છે. ભગવાને પોતે ભકતોના જીવનની જવાબદારી પોતાના શીરે લઈ ભકતોને જીવન નિર્વાહન બાબતમાં નિશ્ચિંત કર્યા છે.

ભકતોને ભીડ પડે ત્યારે ભગવાન અર્ધ વેને આવી ઊભા જરૂર રહે. પણ તે માટે બે શરતો આપવામાં આવી છે. અનન્યાશ્રિતો એટલે મારોજ આશ્રય કરનાર ભકત. જે ક્તિ ભોગ. લાલસા માટે અનેક ઠેકાણે દોડતો હોય. બાવા, સાધુના આશરો લેતો હોય. અમાન્ય દેવોની પૂજા, ઉપાસના કરતો હોય તો તે પરમાત્માનો અનન્ય આશ્રિત નથી. આ સાથે નિત્ય અભિયુક્તા દરેક કર્મ કરતાં જે ભગવાનનું જ સ્મરણ કરે તેવો ભકત. માત્ર મંદિરે જઈએ તેટલો સમય ભગવાનનું સ્મરણ કરીએ. તેવું નહીં. પણ જેની તમામ પ્રવૃતિ ભગવાનના નામ સાથે જોડાઈ હોય તે નિત્ય. અભિયુકત છે. આવા ભકતોના અંતરના તાર પરમાત્મા સાથે બરાબર ગુથાઈ ગયા હોય. જેથી તેને ભૌતિક જગતના સુખ દુખ ન સ્પર્શે. નરસિંહ, તુલસી, ચૈતન્ય એવા ભતકતો છે. જેના યોગક્ષેમનું વહન ભગવાને કર્યું છે. ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને આ વાત વારંવાર સમજાવે છે. તું મને ભજ. મારું નિત્ય સ્મરણ કર. મને નમસ્કાર કર. જેવા અને વાક્યાંશો ગીતાજીમાં જોવા મળે છે. અન્ય તમામ છોડી મારા એકના શરણે આવી જા. તારા તમામ કલેશો હું દુર કરીશ. એમ કહી શરણાગતિ સ્વીકારવા જણાવ્યું છે. જેણે જેણે ભગવાનની શરણાગતિ સ્વીકારી છે તેને તેને ક્યારેય કલેશ નડ્યા નથી. અહીં ભક્તિને પ્રાધાન્ય આપ્યું છે. કર્મ તથા જ્ઞાન કરતાં ભક્તિને આગળ મુકી છે. સર્વ કર્મો જ્ઞાનમાં સમાય છે ને જ્ઞાન ભક્તિમાં પરિવર્તન પામે છે. ભક્તિભાવ વિનાના કર્મો વડે જેવા તથા જ્ઞાન શુષ્ક બોઝ જેવું છે. કર્મ અને જ્ઞાનનો ભાર ખંખેરી જે શુદ્ધ હૃદયથી ભગવાનના શરણે જાય છે. તેના આધ્યાત્મિક તથા સાંસારિક બંને પ્રશ્નો ઉકલી જાય છે.

ભગવાનની કૃપા કઈ રીતે મળે છે તેનો સામાન્ય પણે ખ્યાલ આવતો નથી. કેટલીક વાર મુશ્કેલ પ્રશ્નોની ચૂંગાલ માંથી અનાયાસ છૂટકારો થાય ત્યારે વ્યક્તિ પોતાના અહમ ને પોષે છે. પોતાની શક્તિથી પોતે મેળવ્યું તેમ માને છે. પરંતુ ભકત હૃદયનો માણસ તો પ્રભુ કૃપા જ જીવે છે. વાર્તામાં જેમ સાંભળીએ છીએ તેમ ભગવાન ગરૂડ પર બેસીને ખરર ખટ ઉતરતા નથી. ભગવાને સ્પષ્ટ કહ્યું છે કે હું મારા ભકતોને બુદ્ધિ યોગ આપુ છું. તેના ચિતમાં સાચી સમજ પેદા કરું છું. તેના ચિતમાં અખંડ આનંદ તથા શાંતિના ભાવ ભરું છું. ગમે તેવી વિપદોમાં પણ ભકત ધીરજ ગુમાવતો નથી. મારા ભકતનો ક્યારેક વિનાશ થતો નથી.

પ્રભુએ કેટલા કેટલા ભકતોને મદદ કરી છે. પ્રિ- ઐતિહાસિક પાત્રોની વાત બાજુમાં મુકીએ. નરસિંહની કથાઓને દંત કથા માનીએ તો પણ અત્યારના સમાજમાંથી એવા ઉદાહરણો મળી રહેવાના. ખુદ મહાત્માના સાબરમતિ આશ્રમને ભીડ પડી. ત્યારે કટોકટીની ક્ષણે છગનલાલ ગાંધીને કોણ મોટી રકમ આપી ગયું તેની કયાં કોઈને ખબર પડી છે? ડૉ. વીજળીવાળાએ, 'મોતીનો ચારો'માં નોંધેલો કિસ્સો વિચારવા યોગ્ય છે. અમેરિકામાં મોડી રાત્રે મુખ્ય રસ્તા પર એક મહિલાની ગાડી ખોટવાઈ ગઈ. બરફનું તોફાન હતું. મદદ માટે કોઈ ગાડી ઉભી ન રહી તો તેણે ભગવાનને યાદ કર્યા. થોડી વારમાં જ એક વ્યક્તિએ તેની ગાડી ચાલુ કરી દીધી તો મહિલાએ પૂછ્યું 'આપ કોણ છો..' જવાબ મળ્યો ચોર છું. શા માટે સજા થયેલી. તો કહું બંધ ગાડી ચાલુ કરી ઉપાડી જવા માટે. મહિલાને થયું વાહ ભગવાન તમે બરાબર મદદ કરી. જેવા માણસની જરૂર હતી તેવા જ મોકલ્યો. ભગવાન તો સદૈવ જાગૃત હોય છે. પણ આપણો વિશ્વાસ ટકતો નથી. થોડા સમયમાં લાભ ન દેખાય તો આપણે આકળા ઊતાવળા થઈ ભગવાનનો આશ્રય છોડી ભૌતિક વસ્તુ કે વ્યક્તિનો આશરો લેવા લલચાઈએ છીએ. ભગવાન માગે છે ભક્તિ. મન- કર્મ- વચન- વાણીને વર્તનની- પૂર્ણ પણ શરણાગતિ..

● અનુસંધાન છઠ્ઠા પાને

જ્યાં દર્દીની સેવાની ઇચ્છા કરી, તો ખુદ ઈશ્વરે જ કૃપા કરી; 'કલ્પસેવા' આરોગ્ય કેન્દ્ર થકી, દર્દીની લાઈફ લાઈન લાંબી કરી

કલ્પતરૂ કંપની દ્વારા સે-૨૫ જીઆઈડીસીમાં ચાલતા કલ્પસેવા આરોગ્ય કેન્દ્રમાં ગાંધીનગરના નિષ્ણાત ડૉક્ટરોની દેખરેખ હેઠલ અત્યાર સુધી ૨૩ હજારથી વધુ દર્દીઓએ નિદાન અને નિઃશુલ્ક દવાનો લાભ લીધો

ગાંધીનગરમાં આવેલી કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન કંપની પોતાના બિઝનેસ દ્વારા તો વિશ્વનામના કમાઈ જ છે, પરંતુ ગાંધીનગરમાં પણ સમાજસેવાના કોઈપણ કાર્યમાં એનો સિંહફાળો હોય છે. ગાંધીનગરમાં સર્કલ, અક્ષયપાત્રની વેન, સાંસ્કૃતિક ક્ષેત્રે કે અન્ય કોઈપણ કાર્યને તે પોતાની જ ઈવેન્ટ સમજી સહભાગી બનતી હોય છે.

આટલાં બધાં કાર્યોમાં એણે કરેલું એક કામ તો આજે જિલ્લામાં ચારે દિશાએ પોતાની સેવાની સુવાસ ફેલાવી રહ્યું છે. આજથી ત્રણ વર્ષ પહેલાં એટલે કે ૨૮ જુલાઈ, ૨૦૦૯ના રોજ ગાંધીનગરમાં સે-૨પની જીઆઈડીસીમાં કલ્પસેવા આરોગ્ય કેન્દ્રનો શુભારંભ કલ્પતરૂ કંપનીના ચેરમેન અને મેન્ટર એવા શ્રી મોફતરાજ મુનોતે કરાવ્યો... જૈન ધર્મની અંદર દાન-પુણ્ય અને સમસ્ત જીવોની રક્ષાનું અત્યંત મહત્ત્વ છે, કલ્પતરૂના ચેરમેન શ્રી મોફતરાજની અંતરની ઈચ્છા હતી કે ગાંધીનગરમાં જ્યાં આપણી કંપનીનું આટલું વિશાળ કાર્ય છે એ શહેરના દરેક દર્દીને ગાંધીનગરના જ શ્રેષ્ઠ ડૉક્ટર્સની સેવા ટોકન ભાવે મળે અને દવાઓ પણ નિઃશુલ્ક મળે એવું કંઈક કરવું છે.

સેક્ટર-૨૫ના જીઆઈડીસી સર્કલ પાસે ક્રાઉન કંપનીનું બિલ્ડીંગ કે જે રોડ ટચ હતું તે પ્રભુની કૃપાથી કલ્પતરૂને મળી ગયું અને ત્યાં જો કલ્પતરૂ ધારત તો કરોડોની કમાણી કરાય એવો એકાદો બિઝનેસ ડેવલપ કરી લેત, પણ માત્ર અને માત્ર સેવાના ઉદ્દેશ્યથી અહીં કલ્પસેવા આરોગ્ય કેન્દ્રની સ્થાપના પૂજા-પાઠ સાથે થઈ. ગાંધીનગર શહેર અને જિલ્લાના દર્દીઓ કે જેઓ આર્થિક મુશ્કેલીના કારણે નામાંકિત ડૉક્ટરોની સુવિધાથી વંચિત રહે છે એમના માટે તો સુવર્ણ પ્રભાત ખીલ્યું. ત્રણ વર્ષ પહેલાં શરૂઆતમાં એક જનરલ પ્રેક્ટીશનર અને છ સ્પેશિયાલીસ્ટ ડૉક્ટરોની મદદથી આ સેવાનો યજ્ઞ શરૂ થયો.

રો જસવારે ૮થી ૧૦ અહીં ડૉક્ટરો આવવા લાગ્યા. માત્ર ૧૦ અને ૨૦ રૂપિયા જેવી નજીવી ફીથી દર્દીઓને તપાસવામાં આવે છે અને વિશેષ એટલે ડૉક્ટરો જે દવા લખી આપે તે આ જ આરોગ્ય કેન્દ્રમાં તદ્દન નિઃશુલ્ક આપવામાં આવે છે. ગણ્યાં-ગાંઠ્યા દર્દીથી શરૂ થયેલી આ સેવાઓમાં આજે તો જે ડૉક્ટરનો વારો હોય એ પ્રમાણે એનો લાભ લેવા માગતા દર્દીઓ લાઈન લગાડી દે છે.

કલ્પસેવા આરોગ્ય કેન્દ્ર એટલું સુંદર અને સુવિધા સંપન્ન બનાવ્યું છે કે એની સ્વચ્છતા અને વ્યવસ્થિતતા જોઈને જ અરધું દરદ ભાગી જાય. કલ્પસેવા આરોગ્ય કેન્દ્રમાં આવતા ડૉક્ટરોની યાદી વાંચીને જ રોમાંચિત થવાય એમ છે. માત્ર છ ડૉક્ટરોની ટીમ આજે ૨૨ ડૉક્ટરો સુધી વિસ્તરી ગઈ છે અને માત્ર ત્રણ વર્ષના ટૂંકા ગાળામાં ૨૩ હજારથી વધુ દર્દીઓ આ ડૉક્ટરોની સેવાઓનો લાભ લઈ ચૂક્યા છે.

કલ્પસેવા આરોગ્ય કેન્દ્રમાં જનરલ પ્રેક્ટીશનર તરીકે ડૉ. વિનોદ શાહ, આયુર્વેદમાં ડૉ. જશવંત રાઠોડ, ડેન્ટીસ્ટમાં ડૉ. અમી ભાવસાર, ડૉ. બિન્દી ગજ્જર, કાન-નાક-ગળાના સર્જન તરીકે ડૉ. જિજ્ઞેશ રાજવીર અને ડૉ. ગિરીશ શાહ, આંખના નિષ્ણાત ડૉ. પિયુષ દવે, જનરલ સર્જન તરીકે ડૉ. દીપક મહેતા, સ્ત્રીરોગોના નિષ્ણાત તરીકે ડૉ. ઊર્વી મહેતા અને ડૉ. નિશા ગોસ્વામી, હોમિયોપેથીમાં ડૉ. આરતી ભુચ, ઓર્થોપેડીક તરીકે ડૉ. વિજય ઉપાધ્યાય અને ડૉ. રૂપેશ પટેલ, પેથોલોજી લેબમાં શ્રી મહેન્દ્ર ગજ્જર, બાળકોના નિષ્ણાત તરીકે ડૉ. ગુંજન જૈન અને ડૉ. અનિલ વેદ, ફિજીશિયન તરીકે ડૉ. દર્શન પંડ્યા અને ડૉ. જયેશ શાહ, માનસિક રોગોના નિષ્ણાત ડૉ. ગૌરાંગ થાનકી, સ્કિન સ્પેશ્યાલિસ્ટ ડૉ. ભાવિન ભટ્ટ અને રેડિયોલોજીસ્ટ તરીકે ડૉ. અસીમ શાહ, ડૉ. ભાવિન શાહ અને ડૉ. દિલીપ જાદવ જેવી સક્ષમ અને નામાંકિત ટીમ દર્દીઓની સેવા કરે છે.

કલ્પસેવા આરોગ્ય કેન્દ્રમાં એક્ષ-રે, સોનોગ્રાફી, ડેન્સીસ્ટ, સર્જન, હોમિયોપેથ અને આયુર્વેદ જેવી સેવાઓ પણ અપાય છે. ગરીબમાં ગરીબ દર્દી પણ શ્રેષ્ઠ ડૉક્ટરો અને શ્રેષ્ઠ સાધનો થકી નિરોગી બને એવો ઉદાત હેતુ આ આરોગ્ય કેન્દ્રનો છે. એકાદ વર્ષ પહેલાં કલ્પસેવા આરોગ્ય કેન્દ્રમાં એક વિશાળ મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલું જેમાં લગભગ ૧૦૦ જેટલા ડૉક્ટરોએ એક જ દિવસમાં અઢી હજાર જેટલા દર્દીઓને તપાસી, યોગ્ય સારવાર કરી જરૂરી દવાઓ પુરી પાડી હતી.

સમાજસેવાને પોતાની નૈતિક જવાબદારી સમજી કલ્પતરૂ પરિવારે એક ઉમદા કાર્ય આ આરોગ્ય કેન્દ્ર દ્વારા કર્યું છે. કલ્પતરૂ મેનેજમેન્ટના દીર્ઘદૃષ્ટા અધિકારીઓએ આ આરોગ્ય કેન્દ્રમાં વધુમાં વધુ જરૂરિયાતમંદ દર્દીઓ આવે અને ઓછામાં ઓછા ખર્ચે સાજા થઈ પરત ફરે એમાં જ એમની કર્તવ્યનિષ્ઠા સમજે છે. કલ્પસેવા આરોગ્ય કેન્દ્રનું મેનેજમેન્ટ પણ અત્યંત સુંદર રીતે થાય છે અને ભવિષ્યમાં આનાથી વિશેષ શું આપી શકાય એવી પણ ચર્ચા-વિચારણા થતી જ રહે છે.

૨૦૦૯ની સાલમાં કલ્પતરૂ વેલ્ફેર ટ્રસ્ટ દ્વારા વિનામૂલ્યે કૃત્રિમ પગ (જયપુર ફૂટ) તથા કૃત્રિમ હ